# COMMERCE
## PAPER-III

Signature of Invigilators

1. ................................

2. ................................

Roll No. [ ][ ][ ][ ][ ]
(In figures as in Admit Card)

Roll. No. ................................

................................................
(in words)

**DEC–08/17**

Name of the Areas/Section (if any)..................

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.
૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.
૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહીં.
૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.
૫. આ ઉત્તર પોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.
૬. આ ઉત્તર પોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનોનો ઉપયોગ કરવો નહીં.
૮. નકારાત્મક ગુણાંક પદ્ધતિ નથી.
૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તર પોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પ્રશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | 18. | | | |
| 2. | | 19. | | | |
| 3. | | 20. | | | |
| 4. | | 21. | | | |
| 5. | | 22. | | | |
| 6. | | 23. | | | |
| 7. | | 24. | | | |
| 8. | | 25. | | | |
| 9. | | 26. | | | |
| 10. | | | | | |
| 11. | | | | | |
| 12. | | | | | |
| 13. | | | | | |
| 14. | | | | | |
| 15. | | | | | |
| 16. | | | | | |
| 17. | | | | | |

Total Marks obtained ................................

Signature of the co-ordinator ....................
(Evaluation)

SEAL

**COMMERCE** **વાણિજ્ય**

**PAPER - III** **પેપર - III**

Note : This paper contains four sections. You are required to attempt all of them.

નોંધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો લખવાના છે.

---

## Section I

Note : Read the following paragraph and answer **Questions (1-5)** given below in **30 words** each. Attempt **ALL** the questions. **[Marks : 5×5=25)**

નોંધ : નીચેનો પેરાગ્રાફ વાંચી આપેલ દરેક પ્રશ્નો (૧ થી ૫) ના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો.

Knowledge society, according to Peter and Drucker, is defined as a society which has the following :

I. Borderlessness because knowledge travels even more effortlessly than money.

II. Upward mobility, available to every one through easily acquired formal education.

III. The potential for failure as well as success. Anyone can acquire the "means of production", i.e. the knowledge required for the job, but not everyone can win.

The twenty first century belongs to the knowledge society. Therefore, nations will build themselves into knowledge societies by understanding the dynamics of knowledge and transforming it into wealth.

Knowledge society has the following distinct characteristics.

I. It uses knowledge through all its constituents and endeavours, to empower and enrich its people.

II. It uses knowledge as a powerful tool to derive societal transformation.

III. It is a learning society committed to innovation.

IV. It has the capacity to generate, absorb, disseminate and protect knowledge and also use it to create economic wealth and social good for all its constituents.

During the last few centuries, the world has undergone several social transformations. It started as an agricultural society where manual labour was the key factor and the economic growth was dependent largely on natural products such as raw materials as well as agricultural products. With the advent of industrial revolution, economic progress was propelled largely by technological development leading to machines, replacing human resources.

India could not reap the results of the Industrial Revolution as the nation was ruled by foreign powers during those decades. However, licensed industrial institutions did emerge.

This society added value to its products through explicit knowledge, which is technology, to produce industrial products that led to the economic growth of nations. Thus management of technology, capital and labour provided the competitive advantage to bring about this transformation in economic growth.

The world has already moved into an information society. The society derives its economic growth by further value addition to the explicit knowledge through networking. Connectivity and software products are now deriving the economies of the nations in this society.

Tomorrow's world would be one which would recognise knowledge in its most comprehensive form and add further value to the products through innovative knowledge intensive products/services in a networked ambience. These knowledge products would largely contribute to the economic growth of nations.

The precious assets of a country are the skill, ingenuity, imagination and civilisational strength of its people. With globalisation triggering competition, the key distinguishing feature will be the ability of people, in different countries, to invoke and use these native strengths to their full advantage and provide the much needed competitive edge. This subjective knowledge, heuristics, imagination, and all those attitudes that

make us human, should be integrated for laying the foundation for enunciating plans corresponding to their requirements and competency. This knowledge, with further learning and training in skills, would provide the quintessential intrinsic strength to be competitive. This would be the key for economic growth and national strength now and well into the future.

In the 21st century, knowledge is the primary production resource, instead of capital or labour. Efficient utilisation of this existing knowledge can create comprehensive wealth for the nation in the form of better health, education, infrastructure and other social indicators. The ability to create and maintain the knowledge infrastructure, develop knowledge workers and enhance their productivity through creation, nurturing and exploitation of new knowledge will be the key factors in deciding the prosperity of knowledge society. Such a knowledge society has two very important components; societal transformation and wealth generation. India can trasform itself into a full-fledged knowledge society and thereafter into an integrated knowledge economy within a decade by leveraging its unique competencies.

નિમ્નલિખિત લખાણ વાંચી, અંતમાં આપેલા પાંચેય પ્રશ્નોના ઉત્તર આપો :

પીટર ડ્રકરના મત મુજબ, જ્ઞાન-સમાજની વ્યાખ્યા ધરાવતા સમાજમાં નીચેની બાબતોનો સમાવેશ થાય :

૧. સીમા-વિહીનતા – કારણ કે જ્ઞાન, નાણાં કરતાં પણ વિશેષ અનાયાસે વિચરી શકે છે.

૨. ઉર્ધ્વ-ગતિ – સહેલાઈથી મેળવી શકાય તેવા વિધિવત શિક્ષણ દ્વારા પ્રત્યેકને પ્રગતિકારક ગતિ પ્રાપ્ત હોય.

૩. નિષ્ફળતા તેમ જ સફળતાની ક્ષમતા કોઈ પણ વ્યક્તિ ''ઉત્પાદનનું સાધન'' – એટલે કે કાર્ય માટે જરૂરી જ્ઞાન મેળવી શકે, પરંતુ સૌને જીત ન મળે.

એકવીસમી સદી એ જ્ઞાન-સમાજની સદી છે. એટલે પ્રત્યેક રાષ્ટ્ર, જ્ઞાનની પ્રેરકશક્તિને પારખીને એનું સંપત્તિમાં રૂપાંતર કરી, પોતાનું જ્ઞાન-સમાજમાં ઘડતર કરશે.

જ્ઞાન-સમાજની નિમ્નલિખિત વિશિષ્ટ લાક્ષણિકતાઓ છે :

૧. પોતાના પ્રત્યેક ઘટક દ્વારા, આ સમાજ જ્ઞાનનો ઉપયોગ કરે છે અને પોતાની પ્રજાને સશક્ત અને સમૃદ્ધ કરવાનો પ્રયાસ કરે છે.

૨. સામાજિક પરિવર્તનને ગતિશીલ કરવા, જ્ઞાનનો એક શક્તિશાળી સાધન તરીકે ઉપયોગ કરે છે.

૩. નવીનતા લાવવા કટિબદ્ધ, એવો આ અભ્યાસશીલ સમાજ છે.

૪. જ્ઞાનને ઉત્પન્ન કરવાની, આત્મસાત કરવાની, પ્રસરાવવાની અને રક્ષણ આપવાની આ સમાજની શક્તિ છે. તદઉપરાંત, પોતાના પ્રત્યેક ઘટક માટે આર્થિક સંપત્તિ અને સામાજિક પેદાશ કરવા એ જ્ઞાનનો ઉપયોગ કરે છે.

છેલ્લી કેટલીક સદીઓમાં વિશ્વમાં ઘણાં સામાજિક પરિવર્તનો આવ્યાં છે. કૃષિ પ્રધાન સમાજ તરીકે એની શરૂઆત થઈ ત્યારે શારીરિક શ્રમ મુખ્ય સાધન હતું અને કાચા માલ તરીકે કુદરતી પેદાશ તથા કૃષિ પેદાશ પર આર્થિક વિકાસનો આધાર હતો. ઔદ્યોગિક ક્રાંતિના આગમન બાદ, માનવીય સાધનોને સ્થાને મશીનોની આગેવાની હેઠળ, યાંત્રિક વિકાસે આર્થિક વિકાસને વેગ આપ્યો.

એ દાયકાઓ દરમ્યાન, ભારત પર વિદેશી સત્તાનું શાસન હોવાને કારણે, ઔદ્યોગિક ક્રાંતિનાં પરિણામોનો લાભ ભારતને મળ્યો નહીં. તેમ છતાં પરવાનાયુક્ત ઔદ્યોગિક સંસ્થાઓનો ઉદભવ તો થયો.

આ સમાજે, દેશના આર્થિક વિકાસને પ્રેરનારી ઔદ્યોગિક પેદાશનું ઉત્પાદન કરવાની ટેક્નોલોજીના સ્પષ્ટ જ્ઞાન દ્વારા પોતાની પેદાશના મૂલ્યમાં વૃદ્ધિ કરી. આ રીતે આર્થિક વિકાસમાં પરિવર્તન લાવવામાં, ટેક્નોલોજી, મૂડી અને શ્રમ-સાધનના સંચાલને સ્પર્ધાત્મક લાભ મેળવ્યો.

વિશ્વ હવે માહિતી-સમાજમાં પ્રવેશ કરી ચૂક્યું છે. 'નેટવર્કીંગ' ના સ્પષ્ટ જ્ઞાન દ્વારા આ સમાજ પોતાના આર્થિક વિકાસમાં હજી વધુ મૂલ્ય-વૃદ્ધિ મેળવી રહ્યો છે. 'કનેક્ટીવીટી' અને 'સોફ્ટવેર' નું ઉત્પાદન, આ સમાજમાં હવે રાષ્ટ્રના અર્થતંત્રને દોરે છે.

આવતીકાલના વિશ્વમાં જ્ઞાન એના મહત્તમ વ્યાપક સ્વરૂપે દેખાશે. નાવિન્યપૂર્ણ જ્ઞાનસભર, ઘનિષ્ઠ ચીજવસ્તુઓ-સેવાઓ દ્વારા, નેટવર્કયુક્ત વાતાવરણમાં આ સમાજમાં મૂલ્યવૃદ્ધિ થશે. આ જ્ઞાન-પેદાશો રાષ્ટ્રનાં આર્થિક વિકાસમાં વિશેષ રૂપે ફાળો આપશે.

રાષ્ટ્રની મૂલ્યવાન અસ્કયામતો એટલે કૌશલ્ય, ચતુરાઈ, કલ્પનાશીલતા અને એની પ્રજાની સંસ્કૃતિ-શક્તિ. વૈશ્વીકરણથી ઉદભવેલી સ્પર્ધાને પરિણામે, જુદા જુદા દેશોના લોકોની

સ્થાનિક શક્તિને સામેલ કરી, એનો પૂરેપૂરો લાભ ઉઠાવવો અને અતિજરૂરી સ્પર્ધાત્મક સરસાઈ મેળવવી, એ જ મુખ્ય વિલક્ષણતા હશે.

આ આત્મલક્ષી જ્ઞાન, અન્વેષણાત્મક, કલ્પનાશીલતા અને આપણને માનવીય બનાવનાર સર્વ વૃત્તિઓને સંગઠિત કરી, એનો ઉપયોગ, લોકોની જરૂરિયાતો અને શક્તિને સંબંધિત સ્પષ્ટ આયોજનનો પાયો નાખવા કરવો પડશે. આ જ્ઞાન, વિશેષ અભ્યાસ અને કૌશલ્યની તાલીમ સાથે, વિશેષ સ્પર્ધાત્મક થવાની આંતરિક શક્તિ પૂરી પાડશે. અને આ જ, દેશના આર્થિક વિકાસ અને આર્થિક શક્તિ માટે આજે અને ભવિષ્યમાં ચાવીરૂપ બની રહેશે.

એકવીસમી સદીમાં, મૂડી અથવા શ્રમને બદલે જ્ઞાન એ પ્રાથમિક ઉત્પાદન-સાધન બની ગયું છે. આ વર્તમાન ઉપલબ્ધ જ્ઞાનનો કાર્યક્ષમ ઉપયોગ, બહેતર સ્વાસ્થ્ય, શિક્ષણ, આંતરમાળખું અને અન્ય સામાજિક સંકેતોના સ્વરૂપે, દેશની વ્યાપક સંપત્તિનું ઉત્પાદન કરશે. જ્ઞાનના આંતર-માળખાને બનાવવા અને જાળવવાની શક્તિ, જ્ઞાન-કામદારોનો વિકાસ અને નવા જ્ઞાનની ઉત્પત્તિ, જાળવણી અને સંશોધન દ્વારા તેમની ઉત્પાદકતામાં વધારો, એ જ જ્ઞાન સમાજની સમૃદ્ધિ માપવાના મુખ્ય સાધનો રહેશે. આવા જ્ઞાન-સમાજના બે મુખ્ય અંગો છે : સામાજિક પરિવર્તન અને સંપત્તિ ઉત્પાદન. ભારત, એક દાયકાની અંદર, પોતાની વિશિષ્ટ કાર્યશક્તિને ઉત્તેજન આપી, પોતાને જ્ઞાન-સમાજ અને ત્યારબાદ સુગઠિત જ્ઞાન-અર્થતંત્ર બનાવી શકે.

*Questions :*

1. **What do you understand by borderless society today?**
આજના સંદર્ભમાં સીમાવિહીન સમાજનો શું અર્થ થાય છે ?

2. **State the relationship between knowledge society and economic development of a state.**
રાજયના આર્થિક વિકાસ અને જ્ઞાન-સમાજ વચ્ચે શો સંબંધ છે ?

3. **What kinds of social transformations have taken place in the process of economic reforms in India ?**
ભારતમાં આર્થિક સુધારાની પ્રક્રિયા દરમ્યાન કયા પ્રકારનાં સામાજિક પરિવર્તન થયાં છે ?

4. What is knowledge management ? How has it been tackled in India in yester decades ?
'જ્ઞાન-સંચાલન' એટલે શું ? વીતેલા દાયકાઓમાં ભારતમાં એનો કઈ રીતે ઉલ્લેખ થતો હતો ?

5. How does knowledge management generate the value addition in the industrial arena ? Elucidate with an appropriate example.
ઔદ્યોગિક ક્ષેત્રમાં જ્ઞાન-સંચાલન કઈ રીતે મૂલ્ય-વૃદ્ધિ કરે છે ? યોગ્ય ઉદાહરણ આપી સમજાવો.

## Section II

*Note* : Answer the following questions in 30 words each. Attempt **ALL** questions **(6-20).** **(Marks : 5×15=75)**

**નોંધ :** નીચેના દરેક પ્રશ્નોના જવાબ ૩૦ શબ્દોમાં લખો. બધા જ પ્રશ્નોના જવાબ લખો. (૬-૨૦) (ગુણ ૫ × ૧૫ = ૭૫)

**6.** **Give a brief account of demographic environment of business.**

ધંધાના વસતિ-વિષયક પર્યાવરણનો સંક્ષિપ્ત ચિતાર આપો.

**7.** **What is meant by "structural retrogression" ? Explain with relevant statistical information.**

''માળખાકીય પ્રતિગમન'' એટલે શું ? સંબંધિત આંકડાકીય માહિતી સાથે સમજાવો.

8. **Explain fully the implications of the decision of "Garner *Vs.* Murray".**
'ગાર્નર વિ. મૂરે' ની ચર્ચાના સૂચિતાર્થો સવિસ્તાર સમજાવો.

9. **Differentiate between laws of variable proportions and laws of returns.**
પરિવર્તનશીલ અનુપાતનો નિયમ અને વળતરના નિયમોનો તફાવત દર્શાવો.

10. Differentiate between price skimming and penetration pricing strategies.
મલાઈ મેળવનાર કિંમત વ્યૂહ રચના અને અંદર પ્રવેશી જનાર કિંમત વ્યૂહરચનાનો તફાવત દર્શાવો.

11. What do you mean by level of significance and critical region in sampling studies ? Explain with the help of formula.
નમૂના પસંદગી અભ્યાસના સંદર્ભમાં 'મહત્વના સંબંધનું સ્તર' તથા ''નિર્ણાયક-ક્ષેત્ર'' નો શો અર્થ થાય છે ? સૂત્રના આધારે સમજાવો.

12. What is the relevance of two-way ANOVA ? How is the F-value calculated in two-way ANOVA ? You may use example.

દ્વિમાર્ગી 'એનોવા' નું શું મહત્વ છે ? દ્વિમાર્ગી 'એનોવા' માં એફ-મૂલ્યની ગણતરી શી રીતે થાય છે ? તમે ઉદાહરણનો ઉપયોગ કરી શકો.

13. What do you mean by organisational culture ? Explain.

સંસ્થાગત સંસ્કૃતિનો તમે શું અર્થ કરો છો ? સમજાવો.

14. "Management is an Art and Science both." Comment.
'સંચાલન એ કળા અને વિજ્ઞાન બંને છે.' ટિપ્પણી કરો.

15. "Marketing is creation and delivery of standard of living." Comment.
''માર્કેટિંગ જીવનધોરણની રચના અને સોંપણી છે.'' ટિપ્પણી કરો.

16. **Briefly explain the techniques of inventory control.**
**ઈન્વેન્ટરી-અંકુશની પદ્ધતિઓ ટૂંકમાં સમજાવો.**

17. **What is the relevance of vestibule training ?**
**વેસ્ટીબ્યુઅલ તાલીમની ઉપયોગીતા શું છે ?**

18. **Explain the functions of Reserve Bank of India.**
રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના કાર્યો સમજાવો.

19. **What is the concept of NPA ? Also give the norms for scheduled Commercial Banks regarding non-performing assets.**
એનપીએનો ખ્યાલ શું છે ? નોન-પરફોર્મિંગ એસેટ અંગે શિડયુલ્ડ કોમર્શિયલબેંકના ધોરણો આપો.

20. **Briefly explain the product life cycle theory of International Business.**

**આંતરરાષ્ટ્રીય વેપારના પેદાશ-જીવન-ચક્ર સિદ્ધાંતને ટૂંકમાં સમજાવો.**

## Section III

Note : Choose any *one* elective from Electives I to V and answer all the questions **(21-25)** of the same elective in **200** words each [Marks : 12×5=60]

નોંધ : વિકલ્પ (૧ થી ૫) માંથી એક વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બધા જ પ્રશ્નો (૨૧ થી ૨૫) ના જવાબ દરેકનો ૨૦૦ શબ્દો સુધીમાં આપો.

### Elective I ઈલેક્ટીવ I

### (Accounting and Finance) (હિસાબી અને નાણાંકીય)

21. Explain about the procedure of setting the Accounting Standards in India.
ભારતમાં હિસાબી ધોરણો નક્કી કરવાની પ્રક્રિયા સમજાવો.

22. Differentiate between Money Market and Capital Market. What is the present status of India's secondary Capital Market with regard to trading and market capitalisation ? Elucidate.
''નાણાં બજાર'' અને ''મૂડી બજાર'' વચ્ચે તફાવત કરો. વ્યાપાર અને મૂડીકરણના સંદર્ભમાં ભારતના ગૌણ મૂડી બજારનું વર્તમાન સ્થાન શું છે ? સમજાવો.

23. What is 'Derivative' in the capital market. ? Give the list of different derivatives available all over the world for trading (or making the derivatives contracts). Which derivatives are available for players in the Indian Capital Market ?
મૂડી બજારમાં ''ડેરીવેટીવઝ'' શું છે ? સમગ્ર વિશ્વમાં વ્યાપાર માટે (અથવા ડેરીવેટીવઝ કરાર માટે) ઉપલબ્ધ જુદા જુદા ડેરીવેટીવઝની યાદી આપો.

24. Explain the following in **50** words each :
(*i*) ADRs;
(*ii*) Mutual-Funds;
(*iii*) Social Accounting;
(*iv*) Factoring and Forfeiting.
નીચેના પ્રત્યેકને ૫૦ શબ્દોમાં સમજાવો :
(*i*) એડીઆર
(*ii*) મ્યુચ્યુઅલ ફંડ
(*iii*) સામાજિક હિસાબો
(*iv*) ફેક્ટરીંગ અને ફોરફેઈટીંગ

25. What is risk in the Investment market ? What are its kinds ? How is it measured ? Explain.
રોકાણ બજારમાં જોખમ શું છે ? તેના કયા પ્રકારો છે ? તેને કઈ રીતે મપાય છે ? સમજાવો.

## Elective II ઈલેક્ટીવ II)

## (Marketing) (માર્કેટિંગ)

21. How do you plan promotion efforts for goods of mass consumption in rural India ?
ગ્રામ્ય ભારતમાં જનસમુદાયની ઉપભોગની વસ્તુઓના પ્રોત્સાહનની યોજના કઈ રીતે કરો છો ?

22. Describe the process of market segmentation.
બજાર-વિભાજનની પ્રક્રિયાનું વર્ણન કરો.

23. Discuss major strategies for pricing.
કિંમત નિર્ધારણની મુખ્ય વ્યૂહરચનાની ચર્ચા કરો.

24. Examine the mechanism of direct marketing.
પ્રત્યક્ષ બજાર-ક્રિયાની કાર્યપદ્ધતિ તપાસો.

25. Write a critical note on sampling plan for a market survey.
બજાર સર્વેક્ષણ માટે નમૂના-આયોજન પર ટીકાત્મક નોંધ લખો.

## Elective III ઈલેક્ટીવ III

## (Human Resource Management) (માનવ સાધન સંચાલન)

21. Why is the role of human resource managers in India changing fast these days ? Discuss with appropriate examples.
ભારતમાં શા માટે માનવ સાધન સંચાલકોની ભૂમિકા હાલમાં ઝડપથી બદલાતી જાય છે ? સુયોગ્ય ઉદાહરણો આપી ચર્ચા કરો.

22. What do you mean by labour welfare ? How can you make these measures much more strong in India ?
મજૂર કલ્યાણનો તમે શું અર્થ કરો છો ? તમે ઉપયુક્ત ઉપાયો માપદંડોને વધુ પ્રમાણમાં ભારતમાં કેવી રીતે મજબુત કરી શકો ?

23. What is job analysis ? How does it help in measuring the job requirements ?
કાર્ય વિશ્લેષણ એટલે શું ? કાર્ય જરૂરિયાતોની માપણીમાં તે કેવી રીતે ઉપયોગી છે ?

24. Explain the nature of interconnectedness between morale and productivity.
ચારિત્ર્યબળ અને ઉત્પાદકતા વચ્ચેનો પરસ્પર સંબંધનો પ્રકાર સમજાવો.

25. Compare and contrast performance appraisal with merit rating. How far both of these are useful in large sized industrial units in India ?
પાત્રતા ક્રમનિર્ધારણને દેખાવ મૂલ્યાંકનની સાથે સરખાવીને વિરોધાભાસ દર્શાવો. ભારતના મોટા કદના ઔદ્યોગિક એકમો આ બંને કેટલે અંશે ઉપયોગી છે ?

## Elective IV (ઈલેક્ટીવ IV)

## (International Business) (આંતરરાષ્ટ્રીય વ્યાપાર)

21. Define MNC. Describe its role in less developed countries.
બહુરાષ્ટ્રીય કંપનીઓની વ્યાખ્યા કરો. અલ્પવિકસિત દેશમાં તેની ભૂમિકા વર્ણવો.

22. Why is Regional Economic Integration necessary ? What are its various forms ?

પ્રાદેશિક આર્થિક એકીકરણની જરૂરિયાત શા માટે છે ? તેના વિવિધ સ્વરૂપો કયા છે ?

23. Explain the concepts of TRIPS. Why "Intellectual Property" needs protection ?

ટ્રીપ્સનો ખ્યાલ સમજાવો. બૌદ્ધિક માલિકીના હકકોના રક્ષણની જરૂરિયાત શા માટે છે ?

24. Explain briefly fixed and flexible foreign exchange rate with their respective merits.

સ્થિર અને પરિવર્તનશીલ વિદેશી વિનિમય દરના તેના સંબંધિત ગુણો સાથે ટૂંકમાં સમજાવો.

25. Write a note on Govt. policy of regulations for Foreign Institutional Investments.

વિદેશી સંસ્થાકીય રોકાણ પરના નિયમો વિષેની સરકારની નીતિ પર નોંધ લખો.

## Elective V ઈલેક્ટીવ V

### (Income Tax Law and Tax Planning) (આવકવેરાનો કાયદો અને કર આયોજન)

21. What are exempted incomes under the Income Tax Act 1961 ? Give at least *three* illustrations.

આવકવેરા ધારા, ૧૯૬૧ હેઠળ કઈ આવકોને મુક્તિ આપવામાં આવેલ છે ? ઓછામાં ઓછા ત્રણ ઉદાહરણો આપો.

22. Explain fully the terms previous year and assessment year under the Income Tax Act 1961. Illustrate your answer.

આવકવેરા ધારા ૧૯૬૧, હેઠળ ''પાછલું વર્ષ'' અને ''આકારણી વર્ષ'' ના પદોને પૂર્ણ રીતે સમજાવો. ઉદાહરણ સહિત ઉત્તર આપો.

23. Explain fully "Perquisites" and "Profits in lieu of salary". Illustrate your answer.

''નાણાંકીય આનુષંગિક લાભો'' અને ''વેતનના બદલામાં નફો'' ને સંપૂર્ણ રીતે સમજાવો. ઉદાહરણ સહિત ઉત્તર આપો.

24. How does tax consideration influence make or buy decision ? Illustrate your answer by giving at least *three* examples.

''બનાવવું અથવા ખરીદવું'' એ નિર્ણયને કર ગણતરી શી રીતે પ્રભાવિત કરે છે. તમારો જવાબ ઓછામાં ઓછા ત્રણ ઉદાહરણો આપી સમજાવો.

25. Who is a Non-resident under the Income Tax Act 1961 ? Explain the scope of taxable income of Non-resident.

આવકવેરા ધારા, ૧૯૬૧ હેઠળ બિન-નિવાસી કોણ છે ? બિન-નિવાસીની કર પાત્ર આવકનું ક્ષેત્ર સમજાવો.